# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-05-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર**

વાંચે છે.

---

--------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Gujarat Percentage

રાજ્યમાં લોકસભાની 25 બેઠક અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકની પેટાચૂંટણી માટે શાંતિપૂર્ણ રીતે મતદાન સંપન્ન થયું હતું.. ચૂંટણી પંચે જાહેર કરેલાં છેલ્લાં અહેવાલ અનુસાર, રાજ્યમાં લોકસભાની ચૂંટણી માટે સરેરાશ 59.51 ટકા મતદાન થયું છે. સૌથી વધુ 72.24 ટકા મતદાન વલસાડમાં થયું હતું.. જ્યારે સૌથી ઓછું 49.44 ટકા મતદાન અમરેલીમાં નોંધાયું હતું.

બેઠક પ્રમાણે મતદાનની ટકાવારી જોઇએ તો, ભરૂચ, છોટાઉદેપુર, આણંદ, સાબરકાંઠા, બારડોલીમાં 60 ટકાથી વધુ મતદાન નોંધાયું છે. જ્યારે અમદાવાદ પૂર્વ, અમદાવાદ પશ્ચિમ, ભાવનગર, ગાંધીનગર, કચ્છ, સુરેન્દ્રનગર, પાટણ જિલ્લામાં 50થી 60 ટકાની વચ્ચે મતદાન નોંધાયું છે.

જ્યારે કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલી લોકસભા બેઠક પર 72.01 અને દમણ-દીવ લોકસભા બેઠક પર 65.36 ટકા મતદાન નોંધાયું છે. જોકે, આ વખતે ગરમીનો પારો વધુ રહ્યો હોવાથી તેની અસર મતદાન પર પણ થઈ હતી.

------------------------

# EVM SEAL

રાજ્યભરમાં ગઇકાલે યોજાયેલી  લોકસભાની 25 બેઠકો અને વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણીના  ઉમેદવારોનું રાજકીય ભાવી ઇવીએમમાં સીલ થઇ ગયું છે. મોટાભાગના ઇવીએમ બેઠક દીઠ તેના મુખ્યમથક ખાતે પહોંચી ગયા છે.. આ તમામ ઇવીએમને  જે તે બેઠકની તૈયાર કરાયેલા સ્ટ્રોગં રૂમમાં સીલ કરી દેવાયા છે.

ચોવીસ કલાક સીસીટીવી  કેમેરાની દેખરેખ હેઠળ આ તમામ ઇવીએમ સુરક્ષિત કરી દેવાયા  છે.. ઉપરાંત સ્ટોંગરૂમની બહાર પણ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.. હવે આ ઇવીએમ ચોથી જૂનના રોજ યોજાનારી મતગણતરીના દિવસે જ ખોલવમાં આવશે.

.................

## CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોકસભા ચૂંટણીમાં  ઉત્સાહપૂર્વક અને શાંતિપૂર્ણ વાતાવરણમાં મોટાપાયે મતદાન કરવા બદલ રાજ્યના નાગરિકોનો આભાર  વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીએ કેન્દ્રીય ચૂંટણી પંચ અને રાજ્યના  મુખ્ય ચૂંટણી અધિકારીના  વહીવટી તંત્રનો આભાર માન્યો હતો.

તેમણે ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા  રાજ્ય સરકારના સંબંધિત વિભાગો, પોલીસ તંત્ર, કેન્દ્રીય અર્ધ લશ્કરી દળો સહિતના ફરજ પરના સૌ અધિકારીઓ કર્મચારીઓની ફરજ નિષ્ઠાની પણ પ્રસંશા કરી હતી.

શ્રી પટેલે લોકશાહીના આ ચૂંટણી મહાપર્વને ઉમંગ પર્વ તરીકે મનાવવા બદલ  સમગ્ર રાજ્યની જનતા જનાર્દનને અભિનંદન પાઠવ્યા હતા.

-------------------

## SHAKTISINHE ABHAR MANYO

રાજ્યમાં લોકસભાની 25 અને વિધાનસભાની પાંચ બેઠકોની પેટા ચૂંટણીનું મતદાન સંપન્ન થઇ ગયું છે.. ત્યારે કોંગ્રેસના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહીલે ગુજરાતના તમામ મતદારોનો આભાર વ્યક્ત કર્યો હતો..

તેમણે  તેમના આભાર સંદેશમાં  સવારથી જ મોટા પાયે મતદાન મથકો ઉપર મતદાન માટે  ઉમટેલા યુવાનો, મહિલાઓ અને ખાસ કરીને વરિષ્ઠ નાગરિકોનો આભાર વ્યક્ત કર્યો હતો. મતદાન દરમ્યાન એક કર્મચારી અને એક મહિલા મતદારનું નિધન થયું, તે અંગે શક્તિસિંહ ગોહિલે શોક વ્યક્ત કરીને  કોંગ્રેસ પક્ષ વતી શોકાંજલી પાઠવી હતી.

.................................

## RED CORSS DIWAS

આજે રેડક્રોસ દિવસ છે.. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગુજરાત રાજ્ય શાખાના પ્રમુખ અને ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આ અવસરે રેડક્રોસના માનવીય મિશનને સમર્થન અને સહયોગ આપવાની અપીલ કરી છે.

તેમણે  કહ્યું હતું કે આ વર્ષ 'માનવતાને જીવંત રાખીએ' ના વિષય સાથે ઉજવાઈ રહ્યું છે, રક્તદાન અને નેત્રદાનમાં દેશમાં પ્રથમ ગુજરાત રેડક્રોસ વર્ષે 2 લાખથી વધારે યુનિટ  રક્ત  એકત્ર કરીને  જરૂરિયાતમંદ લોકોને આપે છે, આ કામગીરીને પણ તેમણે બિરદાવી હતી..

ગુજરાતમાં રેડક્રોસ દ્વારા 33 હજાર  પ્રશિક્ષિત સ્વયંસેવકો પોતાની સેવાઓ આપવા સમર્પિત  છે અને  6 લાખ  યુવાનોને પ્રાથમિક સારવાર અને સી.પી.આર.ની તાલીમ આપવામાં આવી  હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.. જરૂરિયાતમંદ નાગરિકોને નવજીવન આપવા માટે  વધુને વધુ રક્તદાન કરવાની તેમણે  લોકોને અપીલ કરી હતી.

------------------------

## WEATHER

રાજ્યમાં ગરમીનો પારો સતત ઉંચો જઇ રહ્યો છે. દરમિયાન હવામાન વિભાગે આગામી દિવસોમાં કચ્છ અને સૌરાષ્ટ્રનાં કેટલાંક ભાગોમાં ગરમીનું મોજું ફરી વળવાની શક્યતા વ્યક્ત કરી છે. તો દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં 11 થી 13 મે દરમિયાન  છૂટો છવાટો વરસાદ થવાની શક્યતા છે. આજે અમદાવાદ, સુરેન્દ્રનગર તેમજ ભૂજમાં મહત્તમ 43 ડિગ્રી સેલ્સિયસ

તાપમાન નોંધાયું હતું. ઉપરાંત રાજકોટમાં મહત્તમ 42 ડિગ્રી સેલ્સિયસ તાપમાનો નોંધાયું હતું.

.................

## VISHESH TRAIN

પશ્ચિમ રેલવે દ્વારા ગઇકાલથી અમદાવાદથી બ્રહ્મપુર સુધીની વિશેષ ટ્રેન ખાસ ભાડા ઉપર ચલાવવાનો નિર્ણય લેવાયો છે. આ ટ્રેન ગઇકાલે સાંજે સવા સાત વાગે ઉપડી હતી જે આવતીકાલે પરોઢિયે સવા ચાર વાગે બ્રહ્મપુર પહોંચશે. એવી જ રીતે આવતીકાલે બ્રહ્મપુરથી ઉધના સુધીની ખાસ ટ્રેન સવારે સાડા સાત વાગે ઉપડીને બીજા દિવસે સાંજે 7 વાગે ઉધના પહોંચશે.

અમદાવાદથી બ્રહ્મપુર અને બ્રહ્મપુરથી ઉધના સુધીની આ ખાસ ટ્રેનમાં બધા જ 20 કોચ સ્લીપર ક્લાસના છે. આ ટ્રેન વડોદરા, સુરત, અને ઉધના સ્ટેશને ઉભી રહેશે.

-----------

## AHD – PURI VISHESH TRAIN

પશ્ચિમ રેલવે દ્વારા ઉનાળાની ઋતુમાં પ્રવાસીઓની માંગણીને ધ્યાનમાં લઇને અમદાવાદ અને પુરી વચ્ચે આગામી 10મી મે થી વિશેષ ટ્રેન શરૂ

કરાશે. આ ટ્રેન 10મી મે શુક્રવારના રોજ અમદાવાદથી સાંજે 7 વાગીને 10 મિનિટે ઉપડશે. અને ત્રીજા દિવસે પુરીમાં બપોરે દોઢ વાગે પહોંચશે. આ ટ્રેનને વડોદરા, સુરત, ઉધના, અને નંદુરબાર સ્ટેશન પર સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આજથી આ ટ્રેન માટેનું બુકીંગ શરૂ થયું છે.

-----------